ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
તા. ૩૦-૯-૨૦૨૧, ગુરૂવાર


# બોર્ડનો ચૂંટણી જંગ : ૭ પૈકી ૫ બેઠકો પર સંઘોના માન્ય ઉમેદવારો જીત્યા

### શાળા સંચાલક મંડળની બેઠકમાં રસાકસી પછી ૧ મતથી ડો. પ્રિયવદન કોરાટની જીત

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા યોજાયેલી ૭ બેઠકોની ચૂંટણીનું પરિણામ જાહેર થતાં ૬ બેઠકો ઉપર સંઘો દ્વારા પસંદ



કરાયેલ ઉમેદવારોની જીત થઈ છે. જ્યારે શાળા સંચાલક મંડળના વિભાગમાં રસાકસી તેમજ બે વાર રીકાઉન્ટીંગ પછી ૧ મતથી ડૉ. પ્રિયવદન કોરાટની જીત થઈ છે.

બોર્ડનો ચૂંટણી જંગ કોરોનાના કારણે ૩ વખત મુલત્વી રહ્યો. કોરોના સંક્રમણ બેકાબુ થતાં ઉમેદવારી પત્રો માન્ય ઠર્યા પછી ચૂંટણી મુલત્વી રહી હતી. કોરોના સંક્રમણ ધીમુ પડતાં ચૂંટણી જાહેર કરાતા આચારસંહીતા અમલી બની. પ્રથમ દિવસથી જ શાળા સંચાલક મંડળનો જંગ ઐતિહાસિક બનવાની ધારણા હતી. અખિલ ગુજરાત શાળા સંચાલક મહામંડળના પ્રમુખ નારણભાઈ પટેલ સામે ડૉ. પ્રિયવદન કોરાટે જંપલાવતા મહામંડળમાં કેટલાક હોદ્દેદારો બે જૂથમાં વહેચાયા હતા. ચૂંટણી જીતવા માટે બન્ને સમર્થ ઉમેદવારોએ તમામ તાકાત કામે લગાડ્યા પછી સરેરાશ ૬૫ ટકા મતદાન થયુ. ગતરોજ ગાંધીનગર નજીક રૂપાલમાં મતગણતરી યોજાતા ૭ પૈકી ૬ બેઠકમાં સંઘોના માન્ય ઉમેદવાર વિજયી બન્યા હતા. માધ્યમિક શિક્ષક વિભાગમાં ખેડબ્રહ્માના હસમુખ પટેલનો ભવ્ય વિજય થયો હતો. જ્યારે આચાર્ય વિભાગમાં અપેક્ષા મુજબ જે.પી. પટેલ વિજયી થયા જ્યારે વાલી મંડળના વિભાગમાં ધીરેન વ્યાસ વિજયી બન્યા હતા.

**બોર્ડના વિજેતા ઉમેદવારો**

| ખંડ | વિજેતા |
|---|---|
| ખંડ-૧ | જયપ્રકાશ પી. પટેલ |
| ખંડ-૨ | જશવંત કાન્તીલાલ રાવલ |
| ખંડ-૩ | હસમુખ દેવજીભાઈ પટેલ |
| ખંડ-૪ | નિદત્ત પ્રભુદાસ બારોટ (બિનહરીફ) |
| ખંડ-૫ | મુકેશ બાબુલાલ પટેલ |
| ખંડ-૬ | મુકેશ જશવંતભાઈ પટેલ |
| ખંડ-૭ | વિજય કાળુભાઈ ખટાણા |
| ખંડ-૮ | ડૉ. પ્રિયવદન જી. કોરાટ |
| ખંડ-૯ | ધીરેન ઉમિયાશંકર વ્યાસ |

# ઓછા વરસાદથી ચિંતા

### બાયડમાં રાત્રે આંખો આંજી નાખતા વિજળીના કડાકા સાથે વરસાદ વરસ્યો : ભારે કડાકા પણ વરસાદ માત્ર આચમન રૂપ

બાયડ, તા. ૨૯

બાયડમાં ગત રાત્રે આંખો આંજી નાખતા વિજળીના કડાકા ભડાકા સાથે માત્ર આચમન રૂપ પા ઈંચ વરસાદ વરસ્યો છે. આ વર્ષે બાયડમાં ઓછા વરસાદથી પ્રજા ચિંતિત છે. ઠેક ઠેકાણે બાયડમાં જ ઓછો વરસાદ છે તેવું સાંભળવા મળી રહ્યું છે.

જિલ્લામાં નવરાત્રિના આયોજનનો ધમધમાટ શરૂ થયો છે. નવરાત્રીમાં વરસાદ વિલન બનવાની દહેશત વચ્ચે પણ ખેલૈયાઓ પોતાના વિસ્તારમાં આ વર્ષે નવરાત્રી પર્વ ઉજવવું જોઈએ તેવુ બોલતા થયા છે. બાયડમાં કોરોના સંક્રમણ કાબુમાં આવતા આ વર્ષે કેટલાક સ્થળોમાં નવરાત્રીનું આયોજન થઈ શકે છે. જિલ્લાના ૬ તાલુકાની સરખામણીમાં બાયડમાં આ વર્ષે ઓછા વરસાદથી ચિંતા જણાય છે. ગત રાત્રે વિજળીના કડાકા, મેઘ ગર્જના સાથે વરસાદ શરૂ થયો ત્યારે બાયડમાં ધોધમાર વરસાદની આશા બંધાઈ પરંતુ માત્ર ૧૦ થી ૧૫ મીનીટ ભારે ઝાપટુ વરસીને વરસાદ બંધ થઈ જતાં ફરી એકવાર બાયડની પ્રજા નિરાશ થઈ છે. વર્તમાન મોસમમાં ગત રાત્રે બાયડમાં કાનના પડદા ફાડી નાખે તેવા વિજળીના કડાકાથી કેટલાક લોકો થોડા સમય માટે બહેરાશ અનુભવતા પણ જોવા મળ્યા. બાયડ તાલુકામાં વર્તમાન મોસમનો ૫૭.૩૭ ટકા વરસાદ થયો છે. અત્યાર સુધીમાં કુલ ૨૦ ઈંચ વરસાદ નોંધાયો છે.





**બાયડ ગામમાં વિજ થાંભલો તૂટી પડ્યો, તંત્રને ૧ વર્ષ પહેલા ફરીયાદ આપી હતી**

બાયડ ગામમાં ગત રાત્રે વિજળીના કડાકા સાથે વરસાદ વરસ્યો ત્યારે બાયડ ગામના ખેડૂત ઈશ્વરભાઈ રમણભાઈના ખેતરમાં વિજ થાંભલો તૂટી જતા અનેક મુંગા પશુ, ખેડૂતોના માથે જીવનું જોખમ ઉભુ થયુ છે. જાણવા મળ્યા મુજબ થાંભલો જોખમી હોવા અંગે ખેડૂત દ્વારા ૧ વર્ષ અગાઉ તંત્રને લેખીત જાણ કરવામાં આવી હતી પરંતુ બેદરકાર તંત્રએ ગંભીરતા દાખવી ન હતી. ગત રાત્રે વાવાઝોડા સાથે વરસાદ આવ્યો ત્યારે વીજ થાંભલો અડધો અડધ તણખલાની જેમ બટકાઈ જતાં વીજ પુરવઠો ખોરવાયો હતો.

## સાબરડેરીની આસપાસના બે કિ.મી. વિસ્તારને "નો ડ્રોન ઝોન" જાહેર કરાયો

બાયડ તા.૨૯

સાબરકાંઠા જિલ્લામાં આવેલ વાઈટલ ઈન્સ્ટોલેશન, વી.વી.આઈ.પી રહેણાંક તેમજ અગત્યની સરકારી કચેરીઓ તથા અન્ય પ્રતિબંધિત વિસ્તાર વગેરે જગ્યાઓની સુરક્ષા કરવાની જવાબદારી સાબરકાંઠા પોલીસની છે. જિલ્લા કલેક્ટરશ્રી- જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી હિતેષ કોયા દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે કે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકામાં આવેલ સાબરડેરીની વાઈટલ ઈન્સ્ટોલેશનની "સી" કેટેગરીમાં સમાવેશ થતો હોય સાબરડેરીની સુરક્ષા સુનિશ્ચિત કરવા કરવી જરૂરી જણાય છે. UAV (Unnamed Aeril Vehicle) જેમો રિમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરિયલ મિસાઈલ, હેલિકોપ્ટર, રિમોટ કંટ્રોલ, માઈક્રોલાઈટ, એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનો થી દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈ સાબરડેરીને હાનિ પહોંચાડવાની શક્યતા નકારી શકાય નહીં. તાજેતરમાં બનેલા ડ્રોન અટેકના બનાવો જોતા સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકામાં આવેલ સાબરડેરીની આજુ બાજુની તમામ દિશાઓમાં બે કિલોમીટર સુધીના એરિયાને "નો ડ્રોન ઝોન" જાહેર કરવામાં આવ્યો. છે. હુકમનો ભંગ કરનાર વ્યંકિત ભારતીય દંડ સહિતાની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## બનાસકાંઠા પેરોલ ફર્લો સ્કોડ દ્વારા નાસતા ફરતા આરોપીને ઝડપી લીધો

સિદ્ધપુર પો.સ્ટેશન અને મહેસાણા તાલુકા પો.સ્ટેશન ગુનાના કામે છેલ્લા અઢાર (૧૮) વર્ષથી નાસતા ફરતા આરોપી આબીદભાઈ અહેમદભાઈ જાતે.નેદરિયા રહે.બાવલચુડી તા.વડગામ વાળાને સોમવારના રોજ છાપી મુકામેથી પકડી પાડી આગળની કાર્યવાહી કરવા સારું સિદ્ધપુર પો.સ્ટે સોંપવામાં આવેલ છે.

## હૃદયસ્થાનની ખામીવાળા નવજાત શિશુને બચાવવાના પ્રયાસ

### હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં શરીરની બહાર હૃદય ધરાવતા બાળકનો જન્મ : અધુરા મહીને જન્મ, બાળક, જનેતા સુરક્ષિત

બાયડ, તા. ૨૯

હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર લેતી પ્રસુતા મહીલાએ અધુરા મહીને નવજાત બાળકને જન્મ આપ્યો પરંતુ તેનુ હૃદય શરીરની બહાર હોવાનું જણાતા ડોક્ટરો પણ આશ્ચર્ય અનુભવી રહ્યા છે. જવલ્લેજ જોવા મળતા આવા કેસથી વિસ્મય પામી બાળકને બચાવી લેવા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યુ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ઈડર તાલુકાની મહીલાને પ્રસુતિની પીડા શરૂ થઈ, સારવાર માટે પરિવાર દ્વારા હિંમતનગર સિવિલના સ્ત્રીરોગ નિષ્ણાત વોર્ડમાં દાખલ કરવામાં આવી. ૯ મહીને ડીલીવરી થતી હોય છે પરંતુ મહીલાની પ્રસવ પીડા વધતાં તાબડતોબ સોનોગ્રાફી કરવામાં આવી. સોનોગ્રાફી કરતાં તબીબ ચોક્યા... મહીલાના ઉદરમાં રહેલા બાળકનું હૃદય શરીરની બહાર હતુ... અન્ય નિષ્ણાત ડૉક્ટર્સને મહીલા-અવતરનાર બાળક અંગે જાણકારી આપવામાં આવી... અથાગ પ્રયત્ન પછી નોર્મલ પ્રસુતિ થઈ... પરંતુ બાળકનું હૃદય શરીરની બહાર હોવાથી તેનો જીવ બચાવવો અગત્યનો હતો...તાત્કાલિક નવજાત બાળકને નિષ્ણાત ડૉક્ટરની નિગરાની હેઠળ અમદાવાદ ખસેડવામાં આવ્યુ છે. અને નિષ્ણાત બાળ સર્જન દ્વારા બાળકના હૃદયને જ્યાં હોવુ જોઈએ ત્યાં મુકવા માટે પ્લાસ્ટીક સર્જરી અનિવાર્ય હોવાથી તેની પણ તૈયારી શરૂ થઈ છે. હિંમતનગર સ્ત્રી રોગ નિષ્ણાત વિભાગના ડૉક્ટરોએ સમયસૂચકતા દાખવતાં પ્રસુતા મહીલા અને શરીરની બહાર હૃદય ધરાવતા તેનુ નવજાત બાળકને બચાવી ૨ જીંદગીને નવજીવન બક્ષ્યુ છે. નવજાત બાળક ઉપર શસ્ત્રક્રિયા સફળ રહેસો તે તે જિલ્લાનો પ્રથમ તબીબી જગતનો અસાધારણ કિસ્સો હશે.



**નવજાત બાળકની તબિયતની પૂછપરછ શરૂ**

જિલ્લાની પ્રજાએ કોરોના સમય દરમ્યાન સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓ પ્રત્યે સંવેદના રાખવી હતી, ગતરોજ સિવિલ હોસ્પિટલમાં ગરીબ પરીવારની મહીલાએ શરીરની બહાર હૃદય ધરાવતા બાળકને જન્મ આપતા તબીબી આલમમાં આ ઘટના ટોક ઓફ ધ ટાઉન બની છે. બાળકને બહાર ધબકતા હૃદય સાથે સર્જરી કરવાના હેતુથી અમદાવાદ ખસેડાયુ છે પરંતુ કેટલાક લોકોએ આ અંગે જાણકારી મળતા નવજાત બાળકની તબિયત પૂછવા માટે સિવિલ હોસ્પિટલના સતત ફોન રણકતા રહ્યા. કેટલાક લોકોએ યથાયોગ્ય મદદ માટે તૈયારી પણ દર્શાવી છે.

### સાબરકાંઠાના ઈતિહાસનો પ્રથમ કાર્યક્રમ

## હિંમતનગરમાં માતૃ-પિતૃ પૂજન-માતૃવંદના કાર્યક્રમ યોજાયો : અનેક પરિવારો-મિત્રો રીતસરના ભાવુક થયા

બાયડ, તા. ૨૯

હિંમતનગરના આંગણે સાબરકાંઠા જિલ્લાના ઈતિહાસનો અનેક પરિવારોને માતૃ-પિતૃ-પૂજન-માતૃવંદના કાર્યક્રમનો લાભ મળતાં ભાવુક થયા હતા. પ.પૂ. સાબરકાંઠાના અદ્વિતીય અજોડ ઉપકારી આ.ભ. વિજયઆનંદ ધનસુરીશ્વરજી કાર્યક્રમ યોજાયો જેમાં પંકજભાઈ શાહ, ચેતનભાઈ શાહના પરિવારજનોએ માતા-પિતાના સરોજબેન શાહના આત્મશ્રેયાર્થે માતૃ-પિતૃ પૂજન કાર્યક્રમનું આયોજન કર્યુ હતુ.





સૌ પ્રથમ માતૃ-પિતૃ પૂજન-માતૃવંદના કાર્યક્રમ તાજેતરમાં શેઠશ્રી પોપટલાલ કેશવલાલ શાહ પરિવાર (સલાલવાળા) દ્વારા યોજાઈ ગયો. વિજય આનંદ ધનસુરીશ્વરજી મહારાજના દિવ્ય સાનિધ્યમાં યોજાયેલા કાર્યક્રમમાં

શ્રાધ્ધ પક્ષ ચાલી રહ્યુ છે. શ્રાધ્ધ પક્ષમાં પિતૃઓને તૃપ્ત કરવાથી અનેક ગણા આશિર્વાદ પ્રાપ્ત થતા હોય છે તેવુ હિન્દુ શાસ્ત્રોમાં જણાવ્યુ છે. ત્યારે સલાલ ગામના ચેતનભાઈ શાહ અને પંકજભાઈ શાહ પરિવાર દ્વારા તાજેતરમાં મહારાજની દિવ્ય કૃપા અને ગુરૂમાની શીળીનિશ્રા પ.પૂ. સાબરકાંઠાના ધર્મ સૂર્ય, સૂરિમંત્ર સમરાધક આ.નિ. વિજય પ્રદિપચંદ્ર સુરીશ્વરજી મહારાજ આદી શ્રમણ-શ્રમણી ભગવંતોની ઉપસ્થિતિમાં પૂજન-માતૃવંદનાનો ઉપકારોનું ઋણ અનંત હોય છે, સ્નેહનું શિખર, સંસ્કારોનું શિખર, શ્રમનું શિખર માતા-પિતા છે. માતા-પિતાના ઋણ ચુકવાના પ્રયાસ રૂપે પૂ. પિતાશ્રી પોપટલાલ કેશવલાલ શાહ, પૂ. મોટા માતા સુશિલાબેન શાહ, માતૃશ્રી

૩ કલાકના ગદ્ગદીત કરતી માતૃ-પિતૃ-પૂજન-માતૃ વંદના કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ વારંવાર ભાવુક થતા જોવા મળ્યા હતા. હિંમતનગરની શ્રી ઉમિયા પરિવાર સમાજવાડી ખાતે અનોખા કાર્યક્રમનું આયોજન થયુ હતુ.

### શ્રાધ્ધ પક્ષમાં માર્ગો ઉપર યમદૂતના ધામા

## ઈડરના ચોટાસણ નજીક ઈકોકાર-રીક્ષા ટકરાઈ પડતાં ૩ ના મોત, ૭ ને ઈજા

### અકસ્માત સ્થળે કરૂણ દશ્યોથી લોકોએ હિબકાં લીધાં

બાયડ, તા. ૨૯

ઈડર-વિજયનગર રોડ ઉપર ચોટાસણ પાટીયા નજીક ઈકોકાર-રીક્ષા ધડાકાભેર ટકરાઈ પડતાં પોળો જંગલ વિસ્તાર જોવા જઈ રહેલા ૨ બાળકો સહીત ૩ ના મોત નિપજતાં અરેરાટી વ્યાપી હતી. શ્રાધ્ધ પક્ષ શરૂ થયો ત્યારથી જિલ્લાના માર્ગો ઉપર યમદૂતના ધામા જોવા મળ્યા છે. બનાવ અંગે ઈડર પોલીસ દ્વારા ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે.

મોત ક્યારે કયા સ્વરૂપે ભેટી જાય તે કહેવુ મુશ્કેલ છે. પ્રાપ્ત જાણકારી અનુસાર પ્રાંતિજ તાલુકાના ઓરણ અને આકોદરા ગામના પરમાર પરિવારના સભ્યો રીક્ષામાં બેસી પોળોના સૌંદર્યને માણવા જઈ રહ્યા હતા ત્યારે સાક્ષાત યમદૂત બનીને આવતી ઈકોકારના ચાલકે રીક્ષાને જોરદાર ટક્કર મારતા ચોટાસણ પાટીયા નજીક મુસાફરોએ મોતની કારમી ચિસો પાડી હતી. બે વાહનની ટક્કરમાં રીક્ષાનો કડૂચલો વળી જતાં દુર્ઘટના સ્થળે ૨ બાળકોના કરૂણ મોત નિપજ્યા હતા જ્યારે વધુ એક ગંભીર ઈજાગ્રસ્તને સારવાર મળે તે અગાઉ મોત નિપજ્યુ હતુ. ગમખ્વાર અકસ્માતમાં એક સાથે ૩ ના મોતની ઘટના સામે આવતા પોલીસ અકસ્માત સ્થળે પહોંચી હતી તેમજ ઈજાગ્રસ્ત ૭ થી વધુ લોકોને સારવાર માટે ઈડર ખસેડવામાં આવ્યા હતા.



**જન્મદિવસની ઉજવણી માતમમાં ફેરવાઈ**

ઈડરના ચોટાસણ પાટીયા નજીક ઈકોકાર-રીક્ષાની ટક્કરથી ૩ જણાના મોત નિપજ્યા છે જેમાં હિંમતનગર તાલુકાના આકોદરાના હેતાર્થનો જન્મ દિવસ હોવાથી પરીવારજનો પોળો જંગલ વિસ્તારમાં ફરવા નિકળ્યા હતા પરંતુ રસ્તામાં જ પિતા-પુત્રને મોત ભેટી જતાં જન્મ દિવસ જ મૃત્યુ બનીને રહી ગયો હતો.

**મૃતકોની યાદી**

હેતાર્થ નરેન્દ્રસિંહ મકવાણા રહે. ઓરાણ
નરેન્દ્રસિંહ બાબુસિંહ મકવાણા રહે. ઓરાણ
વંશ કલ્પેશભાઈ પરમાર રહે. આકોદરા

## પાલનપુરમાં રોડ પર પડેલા ખાડામાં વૃક્ષો વાવી યુવાનો દ્વારા અનોખો વિરોધ પ્રગટ કરાયો

પાલનપુર

પાલનપુર શહેરમાં દરેક જગ્યાએ રોડ પર ખાડા પડેલા છે.જેથી લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.જેના પગલે મંગળવારે યુવાનો દ્વારા ખાડામાં વૃક્ષ વાવી અનોખો વિરોધ પ્રગટ કર્યો હતો.

પાલનપુરમાં પડેલા વરસાદના કારણે હાઈવે તેમજ શહેરના માર્ગો પર મસમોટા ખાડા પડી ગયા છે.જેના કારણે રહીશોને વાહન લઈ તેમજ પગપાળા ચાલવુ પણ મુશ્કેલ બની રહ્યુ છે. આ બાબતે અવાર નવાર રજૂઆતો કરવા છતાં પાલિકા દ્વારા રોડનું નવિની કરણ તો ઠીક પણ ખાડા પુરવાની તસ્તી લેવામાં આવતી નથી જેથી લોકો ત્રાહીમામ પોકારી ગયા છે.તો ખાડાના કારણે અનેક લોકોના વાહનોને પણ નુકશાન થયુ છે.જેથી પાલનપુરના યુવાનો દ્વારા પાલિકાની આંખો ખોલવા માટે શહેરના ખાડાઓમાં વૃક્ષ વાવી અનોખો વિરોધ નોંધાવવામાં આવ્યો છે.

